**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૫ ટકા

# નવા ગાંધીનગરમાં જનજીવન ધબકતું થયું









ગાંધીનગર, તા.૧૯ લૉકડાઉનમાં છૂટછાટ મળતા છેલ્લા ઘણા દિવસોથી બંધ રહેલી આર્થિક પ્રવૃત્તિઓ ધીમે ધીમે શરૂ થઈ રહી છે. નવા ગાંધીનગરમાં દુકાનો ધીમે ધીમે શરૂ થતા જનજીવન ધબકતું થયું છે. કુડાસણ, રાંદેસણ, સરગાસણ જેવા ન્યુ ગાંધીનગરના વિસ્તારોમાં દુકાનો ખુલતા વસાહતીઓની અવરજવર જોવા મળી હતી.

લૉકડાઉનમાં છૂટછાટ મળતા ગાંધીનગર શહેરના વિવિધ સેકટરો ઉપરાંત ન્યુ ગાંધીનગરમાં પણ જનજીવન ધીમે ધીમે શરૂ થઈ રહ્યું છે. નવા ગાંધીનગરમાં આવેલા કુડાસણ, રાયસણ, સરગાસણ, રાંદેસણ, કોબા જોવા વિસ્તારોમાં અનેક શોપીંગ કોમ્પ્લેક્ષ આવેલા છે. આ શોપીંગ કોમ્પ્લેક્ષ છેલ્લા દોઢ-બે મહિના જેટલા સમયથી બંધ હતા. લૉકડાઉનના કારણે માત્ર જીવન જરૂરીયાતની ચીજવસ્તુની દુકાનો જ ખુલ્લી રહી હતી. જો કે હવે છૂટછાટ મળતા જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓની સાથોસાથ અન્ય દુકાનો પણ શરૂ થઈ ચુકી છે. પાનના ગલ્લાઓ, ઈલેકટ્રીક અને હાર્ડવેરની દુકાનો, મોબાઈલની દુકાનો, રેડીમેડ કપડાં, સ્ટેશનરીની ચીજવસ્તુઓ સહિતની દુકાનો ખુલતા વસાહતીઓની અવરજવર અહીં જોવા મળી હતી. જો કે મોટા ભાગના વસાહતીઓ માસ્ક સાથે જોવા મળ્યા હતા. સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન પણ અહીં દુકાનદારો દ્વારા કરાવાયું હતું.દુકાનોમાં એકથી વધુ ગ્રાહકોને પ્રવેશ અપાતો ન હતો. સોશીયલ ડીસ્ટન્સીંગ રહે અને તેનું કડક પાલન થાય તે માટે વસાહતીઓએ પણ ખાસ્સી જાગૃતિ રાખી હતી. છેલ્લા ઘણા દિવસોથી સુના પડેલા સ્તાઓ પર વાહનોની અવરજવર જોવા મળી હતી.

## વિપ્ર ફાઉન્ડેશનની રાષ્ટ્રીય પરિષદની વિડિયો કોન્ફરન્સમાં દેશભરના ૨૧૭ પ્રતિનિધિઓ હાજર રહ્યા

ગાંધીનગર, તા. ૧૯ વિપ્ર ફાઉન્ડેશનની રાષ્ટ્રીય પરિષદની બેઠક અંતર્ગત યોજાયેલી વિડિયો કોન્ફરન્સમાં દેશભરના ૨૧૭ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા જેમાં રાયપુરના ધારાસભ્ય સત્યનારાયણ શર્માના અધ્યક્ષ હેઠળ ૨૧ સભ્યોના પેટ્રોન બોર્ડની રચના કરવામાં આવી હતી. આ સાથે આધ્યાત્મિક, શિક્ષણ, વહીવટ, સાહિત્ય, ઉદ્યોગ, વ્યવસાય, વ્યવસાય, રાજકારણના નેતાઓને સંરક્ષક મંડળમાં સમાવવામાં આવ્યા છે. આ બેઠકમાં મુંબઈના મહાવીર પ્રસાદ શર્માએ પ્રમુખ સહિત ૧૦૧ સભ્યોની રાષ્ટ્રીય કારોબારીની રચના જાહેર કરી હતી અને દેશ અને વિદેશના ૫૭ સ્થળોના પ્રતિનિધિઓએ અને બ્રાહ્મણ સમાજની ૨૨ પેટા જાતિઓની સાથે ૩૪ નવા ચહેરા સાથે કારોબારીના વ્યાપક સ્વરૂપની રચના કરવામાં આવી હતી. આ ઉપરાંત માતૃશક્તિને યોગ્ય આદર અને સમાન સેવાની તકો પ્રદાન કરવાના લક્ષ્ય સાથે પ્રથમ વખત રાષ્ટ્રીય કારોબારીમાં ૧૫ મહિલાઓને શામેલ કરવામાં આવી છે.

વિપ્ર ફાઉન્ડેશનમાં હવે સામાન્ય લોકો સુધી સંસ્થાની પહોંચ વધારવાના લક્ષ્ય સાથે દેશમાં કુલ ૩૨ ઝોનલ એકમો રહેશે જેમાંથી ૨૩ ઝોનલ પ્રેસિડેન્ટ્સ અને મંત્રીઓ



નિયુક્ત સાથે સંગઠનના વ્યાપક વિસ્તરણનો અસરકારક સંદેશ આપવામાં આવ્યો છે, નવી ઝોનલ અધિકારીઓને તમામ સમિતિઓ તથા કોષોનું પુનર્ગઠન ટૂંક સમયમાં શરૂ કરવા સૂચના આપવામાં આવી છે. ઉત્તર પ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન દિનેશ શર્મા, હાસ્યકવિ સુરેન્દ્ર શર્મા, સાંસદ રામચરણ વોહરા, સાંસદ સી.પી. જોષી, ધારાસભ્ય ધર્મનારાયણ જોશી, આર્કિટેકટ ધર્નીધર શર્મા, ડો.વિનોદ નોવલ, અર્થશાસ્ત્રી પ્રો.ગૌરવ વલ્લભ, પત્રકાર શ્રીકાંત પરાશર, ધારાસભ્ય અભિનેતા મહર્ષિ, ધારાસભ્ય રાકેશ પરીક, વીસીસીઆઈના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્યામ શર્મા, વી.પી. સભામાં આર્મી ચીફ સુનીલ તિવારી જેવી અનેક અગ્રણી હસ્તીઓ આ બેઠકમાં હાજર રહી હતી. વિપ્ર ફાઉન્ડેશન ગુજરાતના એકમ સત્ર ૨૦૨૦-૨૨ની જાહેરાતમાં અધ્યક્ષપદે ફરી તુલસીભાઇ રાજપુરોહિત, મહામંત્રી મુકેશકુમાર વ્યાસ અને મીઠાલાલ જોશીને પ્રાંત પ્રમુખ પદ માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને અધ્યાય મુજબની નવી કારોબારીને તાત્કાલિક નામાંકન માટેની સૂચના આપવામાં આવી હતી. રાષ્ટ્રીય કારોબારીમાં સંવરમલ જી માટોલીયા, રાષ્ટ્રીય ઉપપ્રમુખ, અને રાષ્ટ્રીય કારોબારીમાં ગોવર્ધનસિંહ જી. રોહિત, નરેશ જી શર્મા, દિનેશ શર્મા, પ્રેમ જોશી, જગદીશ રતાવા, અને સુમિત્રા રાજપુરોહિત સામેલ હતા. આ બેઠકમાં બ્રાહ્મણ સમાજે આધ્યાત્મિક સ્થાનોની પુનઃસ્થાપના અને ફાંસીની સજા બંધ કરવા મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

વિફાના સ્થાપક કન્વીનર સુશીલ ઓઝાએ જણાવ્યું હતું કે, મૃત્યુ પર ભોજન સમારંભ જેવી ભોજન સમારંભ બંધ કરીને જૂના ધાર્મિક અને આધ્યાત્મિક કેન્દ્રોના પુનર્જીવન પાછળનો વિચાર એ છે કે આપણી સનાતન સંસ્કૃતિ સમાજ અને માનવ હિતમાં અકબંધ રહેવી જોઈએ. વિફા આ માટે એક જન જાગૃતિ અભિયાન ચલાવશે, કે મૃત આત્માની શાંતિ માટેની ધાર્મિક વિધિઓ સંપૂર્ણ કાયદા અને કાયદા સાથે થવી જોઈએ.

## અંબાપુરના સરપંચ પર પાંચ શખ્સોનો હુમલો

### કાંસની સફાઈ સમયે માથાકુટ થઈ હતી, અડાલજ પોલીસ મથકે બંન્ને પક્ષે ફરીયાદ

ગાંધીનગર,તા.૧૯ ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલા અંબાપુર ગામના સરપંચ પર પાંચ ઈસમોએ હુમલો કર્યો હતો. કાંસની સાફ-સફાઈ ચાલી રહી હતી તે સમયે કંઈ માથાકુટ થઈ હતી. ત્યારબાદ ટોળાએ ૩ ગાડીઓને આગ ચાંપી દીધાનો બનાવ પણ બન્યો હતો. જેથી સરપંચ પર હુમલાને પગલે ગામમાં સ્થિતિ તંગ બની હતી. બનાવ અંગે પોલીસને જાણ થતા તાત્કાલીક પહોંચી જઈને પરિસ્થિતિ કંટ્રોલમાં લઈ લીધી હતી. અડાલજ પોલીસ મથકે સામ-સામે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ અંબાપુર ગામના સરપંચ સુરેશજી મફાજી રાઠોડ(ઉં.૪૦) એ નોંધાવેલી ફરીયાદ મુજબ વરસાદી પાણીના નિકાલ માટે તેઓ જેસીબીથી કાંસની સફાઈ કરાવી રહ્યા હતા. તે સમયે અંબાપુરથી ઝુંડાલ તરફ જતા માર્ગ પર ચેહર માતાના મંદિર પાસે જીવાભાઈ નાગજીભાઈ રબારીનું ફાર્મ હાઉસ આવેલુ છે. જેથી તેમણે પોતાના ખેતરમાં કાંસની સાફ-સફાઈ માટે ના પાડી હતી. જેને પગલે માથાકુટ સર્જાઈ હતી અને કામ પણ બંધ કરીને ફરીયાદી જતા રહ્યા હતા. ત્યારે સાંજના સુમારે અડાલજ તરફ જતા માર્ગ પર હોટલ પાસે મિત્રો સાથે બેઠા હતા. આ સમયે જીવાભાઈ રબારી પોતાની સ્કોર્પિયો ગાડીમાં બીજા પાંચ શખ્સો સાથે આવીને પાઈપ અને લાકડી વડે સરપંચ પર તુટી પડ્યા હતા અને માર માર્યો હતો. જેથી સરપંચની ફરીયાદના આધારે પોલીસે ગુનો નોંધ્યો છે.

જયારે બીજી તરફ જીવાભાઈના ફોઈના દિકરા અને ફાર્મ હાઉસ પર પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા રણછોડભાઈ ભીખાભાઈ દેસાઈ(અંબાપુર)એ નોંધાયેલ ફરીયાદ મુજબ સોમવારના રોજ રાત્રીના ૧૧ વાગ્યાના સુમારે ફાર્મ હાઉસમાં ખાતે આગનો બનાવ બન્યો હોવાની જાણ થઈ હતી. તેઓએ ત્યાં જઈને તપાસ કરતા તેમના ફોઈના દિકરા જીવાભાઈ રબારીની ફોર્ચ્યુનર ગાડી, સ્કોર્પિયો, સ્વીફ્ટ કાર અને એકટીવા આગની લપેટમાં જોવા મળ્યા હતા. જયારે ફાર્મ હાઉસ પર પશુઓ માટે રાખવામાં આવેલા પુરામાં પણ આગ લાગી હતી. ફાર્મ હાઉસ પર ચોકીદાર ન દેખાતા ફાર્મના માલિકે ફોન કર્યો હતો. જેથી ચોકીદારે કહ્યું હતું કે રાત્રીના સુમારે કેટલાક નાગરીકો મોઢે રૂમાલ બાંધીને આવ્યા હતા અને તેમણે મને તુ અહીંથી જતો રહે અમારે બધુ સળગાવવુ છે. તેમ કહેતા ચોકીદાર પરિવાર સાથે પલાયન થઈ ગયો હતો. જયારે ફાર્મ હાઉસ ખાતે રાત્રીના સુમારે સર્જાયેલી આગની ઘટના પાછળ ફાર્મ માલિકે બપોરે થયેલી માથાકુટ જવાબદાર હોવાની શંકા વ્યકત કરી છે. અડાલજ પોલીસે સમગ્ર ઘટના મુદ્દે બંને ફરીયાદો નોંધી તપાસ હાથ ધરી છે.

## પીંડારડા ગામે એક યુવકને ૪ ગ્રામજનોએ માર માર્યો

ગાંધીનગર,તા.૧૯ ગાંધીનગર-મહુડી માર્ગ પર પીંડારડા ગામે એક યુવકને ગામના જ ચાર નાગરીકોએ અંગત અદાવતને પગલે માર મારવાની ઘટના બનવા પામી છે. પીંડારડા ગામના ઠાકોર વાસમાં રહેતા બળદેવજી હેમાજી ઠાકોર દ્વારા નોંધાવેલ ફરીયાદ મુજબ તા.૧૭ મી ના રોજ સાંજે સાડા છ વાગ્યાના અરસામાં તેઓ ગામની જુની ભાગોળ પાસે બેઠા હતા. તે સમયે ગામના પંકજ રાવળ, વિનોદ રાવળ, સંજય રાવળ, હિતેશ રાવળ લોખંડની પાઈપ લઈને આવ્યા હતા. જુની અદાવતને પગલે તેઓએ બળદેવજીને ગાળો દીધી હતી અને આટલુ ઓછુ હોય તેમ પંકજભાઈએ ઉશ્કેરાઈને લોખંડની પાઈપ પાછળ બરડામાં અને પગે મારી હતી તે ઉપરાંત ગામના અન્ય નાગરીકોએ ગડદાપાટુનો માર માર્યો હતો. મારામારી થતા ગામના દિપકસિંહ બિહોલા દોડીને આવ્યા હતા અને યુવાનને વધુ મારમાંથી બચાવ્યો હતો. ત્યારે હવે હાથમાં આવીશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી હુમલાખોર ભાગી ગયા હતા. બળદેવજીને ઈજા પહોંચતા દિપકસિંહે તેમના ભાઈઓને ફોન કરીને ઘટનાની જાણ કરતા તેઓ તાત્કાલીક આવી પહોંચ્યા હતા.ઈજાગ્રસ્તના તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયા બળદેવજીને જમણા પગે નળાના ભાગે તેમજ ડાભા હાથે ફેકચર હોવાનું જણાવ્યુ હતું. પોલીસે ઈજાગ્રસ્તની ફરીયાદ નોંધી હુમલાખોરોને પકડવા માટે આગળની તપાસ શરુ કરી છે.

## વાવોલ ગ્રામ પંચાયતે દૂધ-દવા-શાકભાજી-કરિયાણાંની દુકાનો ચાલુ રાખવા અંગે નવા નિયમો જાહેર કર્યા

ગાંધીનગર, તા. ૧૯ ગાંધીનગર જીલ્લામાં લોકડાઉન-૪ અંતર્ગત પરિસ્થિતિમાં થોડી ઘણી છૂટછાટ આપવામાં આવી છે અને તેને અનુલક્ષીને વાવોલ ગ્રામ પંચાયત દ્વારા પણ ગ્રામ પંચાયતની હદમાં વેપાર-ધંધા વગેરે માટે કેટલાક નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે વાવોલ વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસો આવ્યા હોવાથી ગ્રામજનો તથા આ વિસ્તારના અગ્રણી રહીશો ચિંતિત બન્યા છે અને કોરોના સંક્રમણ વધુ ના ફેલાય તે માટે સતર્કતા દાખવવા સાથે વિવિધ પગલાં લઈ રહ્યા છે.

કોરોના મહામારીના પગલે ગાંધીનગર જિલ્લો રેડ ઝોનમાં હોવાથી લોકડાઉન-૪ દરમ્યાન મર્યાદિત છૂટછતો જાહેર કરવામાં આવી છે. આજે જાહેર કરવામાં આવેલ યાદી મુજબ ગાંધીનગર તાલુકામાં ૧૩ ગામોનો કન્ટેન્ટમેન્ટ એરિયામાં સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં વાવોલનો પણ સમાવેશ થાય છે. વાવોલ ગામ કન્ટેન્ટમેન્ટ એરિયામાં જાહેર થવાને પગલે ગ્રામ પંચાયત દ્વારા ગ્રામ પંચાયતની હદમાં દૂધ પાર્લર અને દવાની દુકાનઓ ચાલુ રાખવાનો સમય સવારે ૬ થી બપોરના ૩ સુધીનો અને શાકભાજી તથા કરિયાણાંની દુકાનો ચાલુ રાખવાનો સમય સવારે ૮ થી બપોરના ૩ સુધીનો નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ સાથે વાવોલના સરપંચ નગીનભઈ નાડીયાએ જણાવ્યુ હતું કે ગ્રામ પંચાયતની હદમાં હેર કટિંગ સલૂન, બ્યુટી પાર્લર તેમજ પાન-મસાલાના ગલ્લા કે દુકાનોને ખુલ્લી રાખવાની મંજૂરી આપવામાં આવી નથી. આ ઉપરાંત તેમણે જણાવ્યુ હતું કે બપોરના ૩ વાગ્યા પછી કોઈપણ દુકાન કે શાકભાજીની લારી ચાલુ રાખી શકાશે નહીં. આ બાબતે ગ્રામ પંચાયત દ્વારા જાહેર નોટિસ પણ બહાર પાડવામાં આવી છે.



રોગ પ્રતિકારક શકિત વધારવા માટે આયુર્વેદિક ઉકાળાનું ચલણ વધી રહ્યું છે. વિવિધ ઔષધિઓ યુકત ઉકાળાનું વિતરણ સેકટરે સેકટરે થઈ રહ્યું છે. ખાસ કરીને કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ઉકાળાનું વિતરણ ઘરે ઘરે થઈ રહ્યું છે. સેકટર-૩-બી અને સેકટર-૩-સીમાં કોર્પોરેટર ઉર્મિલાબેન સી. વર્માના માર્ગદર્શન હેઠળ ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

## કોરોના કટોકટીમાં હેપ્પી યુથ ક્લબ આયોજિત રક્તદાન શિબિરમાં ૨૨ યુનિટ્સ રક્ત એકત્ર થયું






ગાંધીનગર, તા. ૧૯ લૉકડાઉનના કારણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રક્તની અછત સર્જાઇ છે, આ સમયે સેવાભાવી નાગરિકોની ફરજ છે કે રક્તદાન કરીને આ અછતને પુરી કરે જેથી અણીના સમયે કોઈનો જીવ બચાવવા તે ઉપયોગી બને. આ શુભ હેતુથી આગામી આજે તા.૧૯મી મે, મંગળવારે સવારે ૯ થી બપોરના ૧ વાગ્યા દરમ્યાન શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબ દ્વારા તેના પાંચમા સ્થાપના દિન નિમિત્તે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં સ્વૈચ્છિક રકતદાન કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોરોના કટોકટી સાથે ઉનાળાની કાળઝાળ ગરમી હોવા છતાં ૨૨ યુનિટ્સ રક્ત એકત્ર થવા પામ્યું હતું.

હેપ્પી યુથ ક્લબ આયોજિત રકતદાન સેવા કાર્યમાં રકતદાતાઓએ ઉત્સાહપૂર્વક પોતાના નામ અગાઉથી નોંધાવી રકતદાન કર્યું હતું. આ દરમ્યાન સોશ્યલ ડિસ્ટન્સિગનું પણ પાલન કરવામાં આવ્યું હતું. દરેક રકતદાતાઓને રક્તદાન કરવા માટે અલગ અલગ ટાઈમ ફાળવવામાં આવ્યો હતો. રક્તદાન સ્થળ પર દરેક રકતદાતાનું પહેલા થર્મલ સ્કેનરથી ટેમ્પરેચર ચેક કરવામાં આવ્યું હતું અને સેનેટાઈઝરની સુવિધા પણ ઉપલબ્ધ રાખવામા આવી હતી. આ રકતદાન શિબિરમાં ઈંડિયન રેડ ક્રોસ સોસાયટીના જિલ્લા શાખાના સેક્રેટરી હિતેશભાઈ રાવલે ઉપસ્થિત રહી અને વાવોલના સરપંચ નગીનભાઈ




નાડીયાએ રક્તદાન પણ કરી આયોજકોને પ્રોત્સાહન તથા સહયોગ પૂરો પાડ્યો હતો. રકતદાન શિબિરમાં રકત એકત્ર કરવાની સેવા સહિત અન્ય તમામ સુવિધા માટે સિવિલ હોસ્પિટલની બ્લડબેંકના ડો. મનોજ પટેલ, ડો. પરાગી ગાંધી તથા બ્લડ બેંકના સ્ટાફ દ્વારા પૂરી પાડવામાં આવી હતી. રક્તદાતાઓને હેપ્પી યુથ ક્લબ દ્વારા શુભેચ્છા ભેટ અને બ્લડ બેંક દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા. આ રક્તદાન કેમ્પને સફળ બનાવવા માટે હેપ્પી યૂથ ક્લબના કોષાધ્યક્ષ ભાવના રામી તથા સભ્યો રાજદીપસિંહ બિહોલા, કિરીટ પારઘી, વિશાખા રાજપૂત સહિત સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી. કોરોના કટોકટીમાં સર્જાયેલી રક્ત પુરવઠાની અછતના સમયમાં હેપ્પી યુથ ક્લબના આયોજનને પગલે બ્લડ બેંકને પ્રાપ્ત થયેલ અત્યંત ઉપયોગી રક્ત પુરવઠા માટે બ્લડ બેન્ક સ્ટાફ દ્વારા હેપ્પી યુથ ક્લબનો આભાર માનવામાં આવ્યો હતો.

## કોરોના સામે લડવા સંસ્કૃતિ પરિવાર દ્વારા પ્રાર્થના



સંસ્કૃતિ પરિવાર દ્વારા પ્રમુખ પ્રતિભાબેન દવેના નેજા હેઠળ કોરોના ની મહામારીમાંથી બહાર આવવા માટે પ્રાર્થના કરવામાં આવી રહી છે. ઘરની બહાર જઈ ને સેવા કરવા માટે સક્ષમ ના હોવાથી ઘરે બેસી ને દરેક સિનિયર સિટીઝન દ્વારા કોરોનાથી લડવા દરેકને પ્રભુ શક્તિ આપે અને આ રોગને લડત આપી રહેલા તમામને પ્રભુ જલ્દી સજા કરે તેવી દરરોજ પ્રભુને વિનવણી સાથે દર બુધવારે આનંદનો ગરબો, દર સોમવારે શિવ મહિમા, દર શનિવારે હનુમાન ચાલીસા અને રામ સ્તુતિ કરી ભગવાનની પ્રાર્થના ઓનલાઈન એપ્લિકેશન ડ્યુઓમાં ભેગા મળી કરવામાં આવી રહી છે.

### ચિરવિદાય

- સ્વ. ડાહીબેન ડાહ્યાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૫